"Driving Salamat To Jivan Salamat"

अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट एसोसिएशन

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION

७५, सहजानंद शॉपींग सेन्टर, स्वामी नारायण मंदिरनी सामे, शाहीबाग रोड, अहमदाबाद-३८० ००४.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

| President : | Acting President : | Hon. Secretary : |
| --- | --- | --- |
| SHRI VASANBHAI G. AHIR | SHRI MAVJIBHAI B. DODIA | SHRI MUKESHBHAI C. DAVE |
| (Gandhinagar) | (Rajkot) | (Ahmedabad) |
| (O) 79-23250123/24 | (O) 0281-2481900 | (O) 02718-261516, 079-65449241, |
| Fax : 79-23250125 (M) 99250 25148 | Fax : 0281-2482186 (M) 96240 19991 | 079-65449187 (M) 9824039477 |


**રેફ. નં. : એજીટીટીએ/૨૦૧૭-૧૮/૧૭** **તા.૧૯-૦૮-૨૦૧૭**

***ખાસ જરૂરી***

**પ્રતિશ્રી,**
**માન.શ્રી વલ્લભભાઈ કાકડિયા**
**માન.રાજયકક્ષાના મંત્રીશ્રી વાહન વ્યવહાર (સ્વતંત્ર હવાલો)**
**સચિવાલય, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

**વિષય : ટ્રાન્સપોર્ટરોને સ્પર્શતા મુદ્દાઓ અંગેની રજુઆત**

**માનનીયશ્રી,**

**સવિનય જણાવવાનું કે અમારા જુદા જુદા એસોસીએશનો દ્વારા કરેલી રજુઆતો અંગે અમોએ જે-તે કચેરીમાં અમલદારો સાથે ચર્ચાઓ કરેલ અને તે અંગે આપના ધ્યાન ઉપર લાવવા તેમજ યોગ્ય કરવા અમારી નીચે મુજબની રજુઆત છે.**

**૧. સ્પીડ ગવર્નર :-**

**આપના વિભાગ દ્વારા તા. ૨૪-૧૦-૨૦૧૬ના રોજ બહાર પાડેલ જાહેરનામા પ્રમાણે ૭૫૦૦ કિ.ગ્રા. ઉપરના માલવાહક વાહનોમાં સ્પીડ ગવર્નર ફીટ કરાવવું જરૂરી છે. જેની પ્રી-સેટ સ્પીડ ૮૦ કી.મી.ની મહત્તમ હોવી જોઈએ. આપને વિશેષમાં જણાવવાનું કે અમુક આર.ટી.ઓ. કચેરીમાં ૭૫૦૦ કિ.ગ્રા. જીવીડબલ્યુથી ઓછી ક્ષમતા વાળા નાના વાહનોમાં પણ સ્પીડ ગવર્નર નાખવાનો આગ્રહ રાખવામાં આવેલ છે. આપ જાણો છો તેમ ચાર પૈડાંવાળા નાના વાહનો કે જે ખાસ કરીને શહેરની અંદર જ માલના વહન માટે વપરાય છે તેમજ આજુબાજુના ગામડાઓમાંથી દુધ, શાકભાજી વગેરે લાવવા લઈ જવામાં ખાસ કરીને ઉપયોગમાં લેવામાં આવે છે તેમજ ટુંકા અંતરના ગામ/બજારમાં રોજીંદી ચીજવસ્તુઓના વહનમાં ઉપયોગમાં લેવામાં આવે છે. આવા વાહનો ૧ કે ૨ વાહનો રાખતા નાના મોટર માલીકો હોય છે અને તેઓને જરૂર ન હોઈ છતાંય રૂા. ૭ થી લઈને ૧૦ હજાર સુધીનો ખર્ચ કરી સ્પીડ ગવર્નર ફીટ કરાવવું પડે તે નાના મોટર માલીકો ઉપર બોજારૂપ છે. આથી અમારી નમ્ર વિનંતી છે કે નાના માલવાહક વાહનોને આ બાબતની આપેલ મુકિત કાયમ રાખવી જોઈએ.**

**૨. રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ અંગે :-**

**આ વિષય અન્વયે વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીના તા.૦૬-૦૭-૨૦૧૭ના પરીપત્ર મુજબ માલવાહક વાહનોમાં અને બસો ઉપર રીફલેકટીવ ટેપ્સ અને ગાડીના પાછળના ભાગે રીઅર માર્કીંગ પ્લેટસ લગાવવા બાબતે જોગવાઈ કરી નિર્દેશ આપવામાં આવેલ છે અને તે અંગે એક જ વેન્ડરને અત્યાર સુધી માન્ય કરવામાં આવે છે. માર્ગ સલામાતી અંગે સરકારશ્રીના આ નિયમોને અમે આવકારીએ છીએ, પણ ફકત એક જ માન્યતા પ્રાપ્ત વેન્ડર હોવાને લીધે ખાસ કરીને નાના શહેરો સ્થિત આર.ટી.ઓ.માં ગાડીની ફીટનેશ કરાવતા પહેલા ખુબ જ ઉંચા ભાવે આ રીફલેકટીવ ટેપ્સ લગાવવામાં આવે છે. આ ઉપરાંત રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ લગાડાવ્યા બાદ અધીકૃત ઉત્પાદક દ્વારા સર્ટીફીકેટ પણ લેવાનું રહે છે. અમારી ખાસ વિનંતી છે કે સરકાર દ્વારા માન્ય રાખવામાં આવેલ રીફલેકટીવ ટેપ્સ તેના "હોલ માર્ક" દ્વારા ચકાસી શકાય છે જેથી**

"Driving Salamat To Jivan Salamat"

अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट असोसिएशन

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION

७५, सहजानंद शॉपींग सेन्टर, स्वामी नारायण मंदिरनी सामे, शाहीबाग रोड, अहमदाबाद-३८० ००४.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 79-23250123/24
Fax : 79-23250125 (M) 99250 25148

Acting President :
SHRI MAVJIBHAI B. DODIA
(Rajkot)
(O) 0281-2481900
Fax : 0281-2482186 (M) 96240 19991

Hon. Secretary :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516, 079-65449241,
079-65449187 (M) 98240 39477



તેનું સર્ટીફીકેટ મેળવવા અંગેની જરૂરીયાત ના રહેવી જોઈએ. આ ઉપરાંત એક જ માન્યતા પ્રાપ્ત વેન્ડર હોવાથી આ ટેપ્સ ખુબ જ ઉંચા ભાવે ખરીદવી પડે છે અને અમરેલી તેમજ ભુજથી મળેલી જાણકારી મુજબ એક ટ્રક ઉપર આ ટેપ લગાડવા રૂપિયા ૫૫૦૦/- થી ૬૦૦૦/- વસુલવામાં આવે છે. જે ખરેખર એક ગાડી દીઠ ખુબ મોટી રકમ કહેવાય. આપને વિનંતી કે આપ બીજા યોગ્ય વેન્ડરોને માન્યતા આપો તો આ વધારે પડતો ખર્ચ આશરે રૂા. ૨ થી ૩ હજારની અંદર આવી જાય. આ અંગે યોગ્ય કરવા વિનંતી.

**૩. મોટા શહેરની આર.ટી.ઓ. કચેરીમાંથી ફીટનેશ મેળવવા અંગે :-**

આ વિષય અન્વયે મોટા શહેર સ્થિત આર.ટી.ઓ. કચેરીનો કાર્યભાર ઘટાડવા ડીસ્ટ્રીકટમાં બીજી આર.ટી.ઓ. કચેરીઓ શરૂ કરવામાં આવેલ છે. જેમ કે અમદાવાદ (જીજે-૧), વસ્ત્રાલ (જીજે-૨૭) અને બાવળા (જીજે-૩૮). હવે જીજે-૧ પાસીંગ અમદાવાદની ગાડીઓનો કાર્યભાર ઘટાડવા માલવાહક વાહનોને ફીટનેશ અંગે બાવળા આર.ટી.ઓ. કચેરીમાં જવા કહેલ છે. પણ કામ અંગે બાવળા કચેરીમાં પહોંચતા ત્યાં ગાડીઓના રેકોર્ડ નહી હોવાથી એનઓસી વગેરેના કાર્ય અર્થે પાછું અમદાવાદ આર.ટી.ઓ.માં જવુ પડે છે અને આવીરીતે ફીટનેશ અર્થે ગાડીઓના બે-ત્રણ દિવસ બગડે છે. તો આપને વિનંતી છે ક. જયાં સુધી બીજી આર.ટી.ઓ. કચેરીમાં રેકોર્ડ ઉપલબ્ધ ના થાય ત્યાં સુધી જે-તે આર.ટી.ઓમાં ફીટનેશ અંગેની વ્યવસ્થા કરવી જોઈએ.

આપને અમારી નમ્ર વિનંતી છે કે ઉપરોકત બાબતોને ધ્યાનમાં લઈ યોગ્ય કરવા મહેરબાની કરશોજી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
માનદમંત્રી

સામેલ : ૧. તા. ૨૪-૧૦-૨૦૧૬ના રોજ બહાર પાડેલ જાહેરનામાની નકલ

૨. તા.૦૬-૦૭-૨૦૧૭ના પરીપત્ર

નકલ રવાના :

૧. માન. શ્રી વિપુલ મિત્રા સાહેબ-અગ્રસચિવ-બંદરો અને વાહન વ્યવહાર વિભાગ-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૨. માન. શ્રી આર.એમ. જાદવ સાહેબ-વાહનવ્યવહાર કમિશ્નરશ્રી,-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.